# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. ચૂંટણી પંચે છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલા SIR માટેના સમયપત્રકમાં સુધારો કર્યો
2. ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસના શાસન દરમિયાન ચૂંટણી સુધારાઓ પર ક્યારેય ધ્યાન આપવામાં આવ્યું નથી.
3. ઇન્ડિગો 3 થી 5 ડિસેમ્બરે ફ્લાઇટ કામગીરીમાં વિક્ષેપથી પ્રભાવિત મુસાફરોને 10 હજાર રૂપિયાનું વળતર આપશે.
4. સરકારે કહ્યું કે રેલવે ટિકિટ રિઝર્વેશન માટે ઉપયોગમાં લેવાતા 3 કરોડથી વધુ શંકાસ્પદ યુઝર આઈડી એકાઉન્ટ્સ બ્લોક કરાયા
5. અરુણાચલ પ્રદેશના અંજાવ જિલ્લામાં ટ્રક ખાડામાં પડી જતાં આસામના એકવીસ લોકોના મોત થયાની આશંકા
6. ચંદીગઢમાં રમાઇ રહેલી T20 ક્રિકેટ મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Rev..SIR Statement

ચૂંટણી પંચે છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલા ખાસ સઘન મતદાર યાદી સુધારણા – SIR માટેના સમયપત્રકમાં સુધારો કર્યો છે. આમાં તમિલનાડુ, ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે.

સુધારેલા સમયપત્રક મુજબ, તમિલનાડુ અને ગુજરાતમાં સુધારણા કાર્ય હવે 14 ડિસેમ્બર સુધીમાં, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં 18 ડિસેમ્બર સુધી, જ્યારે ઉત્તર પ્રદેશમાં, મતદાર યાદીઓના ખાસ સઘન સુધારણા માટેની અંતિમ તારીખ 26 ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશનની તારીખમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. તમિલનાડુ અને ગુજરાત માટે ડ્રાફ્ટ યાદી 19 ડિસેમ્બરે, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ માટે 23 ડિસેમ્બરે, અને ઉત્તર પ્રદેશમાં 31 ડિસેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે.

ચૂંટણી પંચે કેરળ માટે સમયપત્રકમાં સુધારો કરી દીધો છે. કેરળમાં ગણતરી ફોર્મ જમા કરવાની અંતિમ તારીખ 18 ડિસેમ્બરે પૂર્ણ થશે અને ડ્રાફ્ટ મતદાર યાદી 23 ડિસેમ્બરે પ્રકાશિત થશે.

પંચે એમ પણ જણાવ્યું હતું કે છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓની વિનંતીઓને પગલે સમયપત્રકમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

----------

## Rajya Sabha election reforms-Disscution

રાજ્યસભાએ આજે ચૂંટણી સુધારા પર ચર્ચા શરૂ કરી. ચર્ચામાં ભાગ લેતા, ભારતીય જનતા પાર્ટીના નેતા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું કે ભારત લોકશાહીની જનની છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસના શાસન દરમિયાન ચૂંટણી સુધારાઓ પર ક્યારેય ધ્યાન આપવામાં આવ્યું ન હતું. કોંગ્રેસ સમજી શકતી નથી કે વિશ્વાસ અને સંબંધોના આધારે મત જીતવામાં આવે છે.

(BYTE - SUDHANSHU-TRIVEDI-EVM)

આગોતરી ચર્ચા શરૂ કરતા, કોંગ્રેસના નેતા અજય માકને ચૂંટણી પંચ પર પ્રશ્ન ઉઠાવ્યો અને આરોપ લગાવ્યો કે તે મતદાન મથકોમાંથી CCTV ફૂટેજ જાહેર કરી રહ્યું નથી. તેમણે કહ્યું કે ચૂંટણી પંચે તેની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવી જોઈએ.

(BYTE – AJAY MAKAN)

તૃણમૂલ કોંગ્રેસના ડોલા સેને જણાવ્યું હતું કે તેમનો પક્ષ ચૂંટણી સુધારાઓ વિરુદ્ધ નથી, પરંતુ લોકોના નામ કાઢી નાખીને નવી મતદાર યાદીઓ બનાવવાનો વિરોધ કરે છે. આ ચર્ચામાં ડીએમકેના એન.આર. એલાંગો, આમ આદમી પાર્ટીના સંજય સિંહે, વાયએસઆર કોંગ્રેસના યેરરામ વેંકટ સુબ્બા રેડ્ડીએ પણ ચૂંટણી સુધારાઓ પર ચર્ચામાં ભાગ લીધો હતો.

----------

## Prime Minister - Dinner Meeting

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તેમના સત્તાવાર નિવાસસ્થાને NDA ના તમામ સાંસદો માટે ખાસ ડિનરનું આયોજન કર્યું છે. બિહાર ચૂંટણીમાં વિજય પછી NDA ની આ પહેલી મોટી બેઠક છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિનર મીટિંગનો હેતુ ગઠબંધન ભાગીદારો વચ્ચે ખુલ્લા અને રચનાત્મક વિચારોના આદાન-પ્રદાન માટે એક મંચ પૂરું પાડવાનો છે.

----------

## RS – VANDE MATRAM

રાજ્યસભામાં આજે રાષ્ટ્રગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર ચર્ચા ફરી શરૂ થઈ. ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે ચર્ચા શરૂ કરી હતી.

ચર્ચાનું સમાપન કરતા ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું કે વંદે માતરમ રાષ્ટ્રના આત્માને જાગૃત કરવાનો મંત્ર છે અને દેશની સંસ્કૃતિ સાથે જોડાવાની તક પણ પૂરી પાડે છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રગીત વંદે માતરમ બધા માટે પ્રેરણાનો ભાવનાત્મક સ્ત્રોત છે અને દેશને એકતા સાથે આગળ વધારવાનો મંત્ર છે. શ્રી નડ્ડાએ કહ્યું કે આ ગીત સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ઘણી ઐતિહાસિક ઘટનાઓનું સાક્ષી રહ્યું છે. તેમણે કહ્યું કે આ રાષ્ટ્રીય ગીતે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન દરેકમાં ઊર્જા સંચારિત કરી હતી.

(BYTE – J.P.NADDA)

----------

# Rajya Sabha - Diwali UNESCO

રાજ્યસભાએ યુનેસ્કોની અમૂર્ત આજે સાંસ્કૃતિક વારસાની યાદીમાં દિવાળીના સમાવેશનું સ્વાગત કર્યું. રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે આ દેશ માટે ખૂબ જ ગર્વની ક્ષણ છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ સિદ્ધિ લોકોને દેશના સમૃદ્ધ વારસા અને પરંપરાઓને નવા ઉત્સાહ સાથે સાચવવા, પ્રોત્સાહન આપવા અને ગર્વથી ઉજવવા માટે પ્રેરણા આપશે.

નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતે યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં દિવાળીનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ જાહેરાત યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસા પરની આંતર સરકારી સમિતિના 20મા સત્રમાં કરવામાં આવી હતી. આ યાદીમાં તે 16મું ભારતીય તત્વ છે.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## IndiGo returns + CEO

ઇન્ડિગો એરલાઇન્સે 3, 4 અને 5 ડિસેમ્બરે ફ્લાઇટ કામગીરીમાં વિક્ષેપથી પ્રભાવિત મુસાફરોને 10 હજાર રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.

ઇન્ડિગોએ જણાવ્યું હતું કે આ વળતર ટ્રાવેલ વાઉચરના રૂપમાં આપવામાં આવશે જેનો ઉપયોગ આગામી 12 મહિનાની અંદર ઇન્ડિગોની કોઈપણ મુસાફરી માટે થઈ શકે છે. સરકારી માર્ગદર્શિકા હેઠળ ફરજિયાત વળતર ઉપરાંત, ઇન્ડિગો જેમની ફ્લાઇટ્સ પ્રસ્થાનના 24 કલાકની અંદર રદ કરવામાં આવી હતી, તેવા મુસાફરોને 5 હજારથી 10 હજાર રૂપિયા સુધીનું વળતર પણ આપશે.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે આજે ઇન્ડિગોના મુખ્ય કાર્યકારી અધિકારી - સીઇઓ પીટર એલ્બર્સને સમન્સ પાઠવ્યા છે. વ્યાપક ફ્લાઇટ રદ અને વિલંબને કારણે શ્રી એલ્બર્સને ડિરેક્ટોરેટ જનરલ સમક્ષ હાજર થવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

દરમિયાન, ડિરેક્ટોરેટ જનરલે ગુરુગ્રામમાં ઇન્ડિગોની કોર્પોરેટ ઓફિસમાં એક ખાસ દેખરેખ ટીમની રચના કરી છે.

----------

## Lok Sabha - Ticket Booking

સરકારે જણાવ્યું છે કે આ વર્ષે જાન્યુઆરીમાં રેલવે ટિકિટ રિઝર્વેશન માટે ઉપયોગમાં લેવાતા 3 કરોડથી વધુ શંકાસ્પદ યુઝર આઈડી એકાઉન્ટ્સ બ્લોક કરવામાં આવ્યા હતા.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે રેલવેની ટિકિટ બુકિંગ રિઝર્વેશન સિસ્ટમ એક સુરક્ષિત માહિતી ટેકનોલોજી પ્લેટફોર્મ છે જે મજબૂત અને અદ્યતન સાયબર સુરક્ષા નિયંત્રણોથી સજ્જ છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ઓનલાઇન તત્કાલ ટિકિટ બુકિંગ માટે આધાર-આધારિત OTP ચકાસણી તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવી છે.

----------

## BJP-Impeachment Lok Sabha

ભારતીય જનતા પાર્ટીના સાંસદ તેજસ્વી સૂર્યાએ લોકસભામાં મદ્રાસ વડીઅદાલતના ન્યાયાધીશ જસ્ટિસ જી.આર. સ્વામીનાથન વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કરવા બદલ દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) સહિત વિપક્ષની આકરી ટીકા કરી હતી. તેમણે તેને મહાભિયોગનો દુરુપયોગ અને દેશની ન્યાયતંત્ર પર હુમલો ગણાવ્યો હતો.

આજે લોકસભામાં આ પ્રસ્તાવ પાછો ખેંચવાની માંગ કરતા, શ્રી સૂર્યાએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ કટોકટી દરમિયાન ન્યાયતંત્રની સ્વતંત્રતા પર હુમલો કર્યો હતો. મહાભિયોગ પ્રસ્તાવ તાત્કાલિક ફગાવી દેવો જોઈએ. વિપક્ષી

પક્ષોના સાંસદોએ ગઈકાલે લોકસભા અધ્યક્ષને  ન્યાયાધીશ જસ્ટિસ જી.આર. સ્વામીનાથન વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

----------

## AASAM  ACCIDENT

ચીનની સરહદે આવેલા અરુણાચલ પ્રદેશના અંજાવ જિલ્લામાં એક ટ્રક ખાડામાં પડી જતાં આસામના એકવીસ લોકોના મોત થયાની આશંકા છે. ટ્રકમાં બાવીસ મજૂરો સવાર હતા. તાજેતરના અહેવાલો મુજબ, 14 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના આપત્તિ વ્યવસ્થાપન દળે અને લશ્કરે બચાવ કામગીરી શરૂ કરી છે.

આ દરમિયાન, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ પુષ્ટિ કરી કે અકસ્માતમાં 14 લોકોના મોત થયા છે અને અન્ય લોકો ગુમ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો અને ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. તેમણે મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેકને 2 લાખ રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે.

----------

## Goa nightclub owners

વિદેશ મંત્રાલય ગોવા નાઈટક્લબના માલિકો ગૌરવ લુથરા અને સૌરભ લુથરાનો પાસપોર્ટ રદ કરવાનો વિચાર કરી રહ્યું છે, જેઓ ગોવામાં આગ દુર્ઘટનામાં સામેલ હતા જેમાં 25 લોકો માર્યા ગયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મંત્રાલયને ગોવા સરકાર તરફથી ગૌરવ લુથરા અને સૌરભ લુથરા અંગે એક પત્ર મળ્યો છે. મંત્રાલય હાલના નિયમો અનુસાર ભારતીય પાસપોર્ટ કાયદા હેઠળ પાસપોર્ટ રદ કરવાની વિનંતીની તપાસ કરી રહ્યું છે.

----------

## Digital address system

સરકારે કહ્યું કે તે ટૂંક સમયમાં દેશમાં ડિજિટલ એડ્રેસ સિસ્ટમ લાગુ કરવા માટે કામ કરી રહી છે. આજે રાજ્યસભામાં પૂરક પ્રશ્નના જવાબમાં, સંદેશાવ્યવહાર રાજ્યમંત્રી ચંદ્રશેખર પેમ્માસાનીએ કહ્યું કે તે એક એકીકૃત સિસ્ટમ હશે, જેમાં કોઈપણ વ્યક્તિ પોતાનું સરનામું દાખલ કરી શકશે અને તેમાં ફેરફાર કરી શકશે. તેમણે કહ્યું કે દરેક સરનામું અધિકૃત હશે અને તેને ક્યારેય બદલી શકાશે નહીં. શ્રી પેમ્માસાનીએ કહ્યું કે સિસ્ટમ ગોપનીયતા પ્રત્યે ખૂબ સભાન હશે, જેમાં વપરાશકર્તાઓનો સંપૂર્ણ નિયંત્રણ રહેશે.

----------

## BJP - Congress

ભાજપે સંસદના શિયાળુ સત્ર દરમિયાન વિપક્ષ પર વિધાનસભાની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનો આરોપ લગાવ્યો. આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા, પાર્ટીના પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ સંસદ સત્ર દરમિયાન વિદેશ પ્રવાસ કરવા બદલ વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની ટીકા કરી.

તેમણે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ પર સંસદ સંકુલમાં ઈ-સિગારેટનો ઉપયોગ કરીને નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે તેમના કાર્યોથી દેશની લોકશાહીની સૌથી પવિત્ર સંસ્થાની ગરિમાને નુકસાન થયું છે.

----------

## Myanmar - Dead

મ્યાનમારના રખાઈન રાજ્યના મ્રાક-યુમાં ગઈકાલે રાત્રે એક હોસ્પિટલ પર સેનાના હવાઈ હુમલામાં 34 લોકો માર્યા ગયા અને 12 લોકો ઘાયલ થયા. આ પ્રદેશ પર અરાકાન આર્મીનું નિયંત્રણ છે. અરાકાન આર્મી જુન્ટા સામે લડતી સૌથી શક્તિશાળી વંશીય દળોમાંની એક છે.

----------

# CRICKET

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ T20 ક્રિકેટ મેચ શ્રેણીનો બીજો મુકાબલો આજે ચંદીગઢ ખાતે રમાઈ રહ્યો છે. ભારતે ટોસ જીતીને

પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે દક્ષિણ આફ્રિકાના 10 ઓવરમાં 1 વિકેટે 90 રન થયા છે.

સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતીય ટીમ પાંચ મેચની T20 શ્રેણીમાં 1-0થી આગળ છે.

-------------